અપીલ અરજી નં.૧૪૯ તા.૧૮ –૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મેઘરાજ ટી. લાલવાણી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેઘરાજ ટી. લાલવાણીની તા.૮–૪–૦૯ ની તથા તા.૧૮–૫–૦૯ ની અરજીથી રૂમ નં.૬૭,૬૮ ના ફરી બાંધકામ માટેના પ્લાનપાસ કરવા ૨ વર્ષથી મુકવામાં આવેલ. ઝોનની અંદર છેલ્લા ૨ વર્ષમાં આજુ બાજુના એરીયાના ૧૦૦ થી વધુ બાંધકામના પ્લાન પાસ થયેલ છે. ફકત મારો જ પ્લાન કેમ પાસ થતો નથી? તથા તા.૧ ૮–૫–૦૯ ની અરજીથી વધારામાં બીજા ૨૫–૩૦ બાંધકામો નિર્દિષ્ટ સ્થળની આજુબાજુ અને સામેની સાઈડમાં બાંધકામ હેઠળ છે. તેમના કિસ્સામાં ટી.પી. અભિપ્રાયનો વાંધો કેમ નથી? જે અંગે માહીતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૯/૨૦૦૯–૧૦

શ્રી મેઘરાજ ટી. લાલવાણીની તા.૮–૪–૦૯ ની તથા તા.૧૮–૫–૦૯ની અરજીથી રૂમ નં.૬૭,૬૮ ના ફરી બાંધકામ માટેના પ્લાનપાસ કરવા ૨ વર્ષથી મુકવામાં આવેલ. ઝોનની અંદર છેલ્લા ૨ વર્ષમાં આજુ બાજુના એરીયાના ૧૦૦ થી વધુ બાંધકામના પ્લાન પાસ થયેલ છે. ફકત મારો જ પ્લાન કેમ પાસ થતો નથી? તથા તા.૧૮–૫–૦૯ ની અરજીથી વધારામાં બીજા ૨૫–૩૦ બાંધકામો નિર્દિષ્ટ સ્થળની આજુબાજુ અને સામેની સાઈડમાં બાંધકામ હેઠળ છે. તેમના કિસ્સામાં ટી.પી. અભિપ્રાયનો વાંધો કેમ નથી? જે અંગે માહીતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૧ તા.૨૪–૪–૦૯થી મળેલ માહિતી ચોકકસ રીતે નહીં મળ્યાના પ્રતિભાવથી તથા તા.૨૬–૫–૦૯ જાહેર માહિતી અધિકારીને માહિતીની જરૂર ન હોઈ દફતરે કરવાના નિર્ણયો સામે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.૮–૪–૦૯ તથા તા.૧૮–૫–૦૯ની મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૨ તા.૨–૯–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નિયમ–૬ હેઠળ મોકલાવવી જોઈએ જે મોકલાવેલ ન હોય તથા તા.૨૪–૪–૦૯ ની માહિતી પૈકી કઈ માહિતી અંગે શા કારણથી નારાજગી છે તે જણાવવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૫–૯–૦૯ ના પત્રમાં સદર ટીપીના રોડ ઉપરના મારા બાંધકામો ટીપીનો અભિપ્રાય મેળવવાનો કેમ રહે છે? તેવો વાંધો રજૂ કરવામાં આવેલ છે. તથા તા.૧૮–૫–૦૯ ની તેમની અરજી ખોટી સહીથી પરત ખેચાવવાનો પત્ર લખાયેલ છે જે તેમની જાણ બહારનો છે. તેવી રજૂઆત કરેલ છે સાથે તા.૧૮–૫–૦૯ ની મુળ અરજીની નકલ તથા તેની ફી ભર્યાની રસીદની નકલ રજૂ કરેલ છે તથા તા.૮–૪–૦૯ ની મુળ અરજી તથા તેની ફી ભર્યાની રસીદની નકલ તેને આપેલી માહિતીના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૧ તા.૨૪–૪–૦૯ ના પત્રની નકલની વિગતો અરજદાર તરફથી તા.૧૫–૯–૦૯ ના રોજ પૂરક માહિતીમાં પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસ ેલ/.૩૨૦ તા.૧૧–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૧ તા.૨૪–૪–૦૯ ના પત્રની નકલ, ટીપી ૨૯ (રાંદેર) મુળ પ્લોટ નં.૧૬ ફા.પ્લોટ નં.૧૬ ડી, સર્વે નંબર ૩૭૧–૩૭૨ બાબતે આ.નં.૨૦૨૫ તા.૯–૧–૦૯ ના રોજ સૂચિત મિલ્કતના રીઝર્વેશન, સર્વેશીટ સાથે સુસંગત, એફ ફોર્મ મુજબનો એરિયા અને અન્ય અભિપ્રાય માટે નગર રચના અધિકારીની કચેરી, નગર રચના યોજના, સુરત–૧૩,૧૪ ના ટાઉન પ્લાનીંગને અભિપ્રાય અંગે પાઠવેલ પત્રની નકલ, તથા નગર રચના અધિકારીની કચેરી ટાઉન પ્લાનીંગ ઓફિસરે રાંદેરઝોનને પાઠવેલ પત્ર ક્રમાંક ટીપીએસ/૨૯, ફા.નં.૩૨/બી/૧૪૧ તા.૨૧–૧–૦૯ થી કામચલાઉ પુનઃ રચનાની દરખાસ્ત તૈયાર કરવા અંગેની કાર્યવાહી ચાલુ હોય હાલ તબકકે વિકાસ પરવાનગીનો અભિપ્રાય પાઠવી શકાય તેમ નથી તેવું જણાવતા પત્રની નકલ, રાંદેરઝોન તરફથી પુનઃ તા.૨૩–૩–૦૯ થી પત્ર નં.૨૨૭૦ થી સદર ટીપી અંગે રૂમ નં.૬૭ અને ૬૮ અંગે પ્રોપર અભિપ્રાય મંગવવામાં આવેલ તેની નકલ, તથા તે અંગે આપેલ ટીપીએસ નં.૨૯/ફા.નં.૩૨/બી/૪૨૮ તા.૨૫–૩–૦૯ થી પુનઃ તે જ માહિતીની નગર રચના અધિકારીને નગર રચના એક–૩ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૮–૪–૦૯ ની અરજીથી રૂમ નં.૬૭,૬૮ ના ફરી બાંધકામ માટેના પ્લાનપાસ કરવા ૨ વર્ષથી મુકવામાં આવેલ. ઝોનની અંદર છેલ્લા ૨ વર્ષમાં આજુ બાજુના એરીયાના ૧૦૦ થી વધુ બાંધકામના પ્લાન પાસ થયેલ છે. ફકત મારો જ પ્લાન કેમ પાસ થતો નથી? જે અંગે માહીતી માંગવામાં આવેલ તથા તા.૧૮–૫–૦૯ ના રોજ સરખા વિષય વસ્તુ બાબતે પણ અરજી કરવામાં આવેલ. જે તેઓના તા.૨૨–૫–૦૯ ના પત્રથી માહિતીની જરૂર નથી તેની દફતરે કરવા અરજી કરેલ. જેના અનુસંધાને વેસ્ટઝોન/આરટીઆઈ/આનં.૧૦૦ તા.૨૬–૫–૦૯ ના રોજ અરજી દફતરે કરવામાં આવેલ છે તેવી માહિતી અત્રે પૂરી પાડેલ છે પરંતુ તેની જાણ અરજદારને કર્યા અંગેની કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જયારે તા.૮–૪–૦૯ ની સરખા વિષયની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૬૧ તા.૨૪–૪–૦૯ થી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં અરજદારનો પ્લાન ટીપી સ્કીમ નં.૨૯ (રાંદેર) નો હોય

હાલમાં સદર ટીપી સ્કીમનો કામચલાઉ પુનઃ રચના યોજના બનાવવાની કાર્યવાહી

પ્રગતિમાં છે નગર રચના અધિકારી શ્રી નગર રચના યોજના એકમ–૩ સુરત ધ્વારા પ્રગતિમાં છે. હાલના તબકકે વિકાસ પરવાનગી અંગે તેમનો અભિપ્રાય મળેલ નથી. જેની નકલ રૂા. ૨ લેખે કચેરીમાં ભર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેમ જણાવેલ છે. તેમજ છેલ્લા ૨ વર્ષમાં પશ્ચિમ (રાંદેર) ઝોન ના જુદા જુદા સમાવિષ્ટ વિસ્તારોમાં ૫૪૨ પ્લાનો મંજુર કરવામાં આવેલ છે તેવું આપેલી માહિતીમાં જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં આજુબાજુની સોસાયટીઓના પ્લાન પાસ થાય છે જયારે મારો જ પ્લાન કેમ પાસ થતો નથી? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નગર રચના અધિકારી નગર રચના યોજના એકમ–૩, સુરતને ઉપરોકત જણાવેલ બંને પત્રો પાઠવવામાં આવેલ છે. જેમાં તા.૨૩–૩–૦૯ નો પત્ર પ્રોપર રૂમ નં.૬૭ અને ૬૮ બાબતે પાઠવેલ છે અને જે અંગે નગર રચના અધિકારી નગર રચના યોજના એકમ–૩, સુરત તરફથી " મુસદારૂપ નગર રચના યોજના નં.૨૯ (રાંદેર) ની કામચલાઉ પુનઃ રચના દરખાસ્ત સબંધિત કાર્યવાહી જારીમાં હોઈ હાલ તબકકે વિકાસ પરવાનગી અભિપ્રાય પાઠવી શકાય તેમ નથી. વધુમાં કચેરીની બીજી સુચના ન આપવામાં આવે ત્યાં સુધી વિકાસ પરવાનગી અંગેના પ્રકરણો પાઠવવા નહીં." તેવી વિગતો અરજદારના ચોકકસ પ્લોટ નં.૬૭ અને ૬૮ બાબતે પત્રથી માંગવામાં આવેલી માહિતીમાં આપવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પણ ડ્રાફટ ટીપી સ્કીમ છે પ્રશ્નવાળી મિલ્કત ટીપી રસ્તાને લાગુ આવેલ છે તેથી પ્રશ્નવાળી મિલ્કત બાબતે અભિપ્રાય પુછાવતાં હાલના તબકકે વિકાસ પરવાનગી અંગે અભિપ્રાય પાઠવી શકાય તેમ નથી તથા બીજી સુચના ન આપવામાં આવે ત્યાં સુધી સદર ટીપી અંગે વિકાસ પરવાનગીના પ્રકરણો પાઠવવા નહીં તેવું જણાવેલ છે. તેમનો અભિપ્રાય ન મળવાના કારણે અરજદારની વિકાસ પરવાનગી માંગતી પ્લાન સહિતની અરજીને મંજુરી આપી શકાયેલ નથી તેવી માહિતી પૂરક વિગતોમાં પૂરી પાડેલ છે. પરંતુ અરજદારે બંને અરજીથી ઉપસ્થિત કરેલ અન્ય બાંધકામો બાબતે આ પ્રકારનો વાંધો શા માટે નથી તે અંગે કોઈ માહિતી આપવામાં આવેલ નથી. પ્રસ્તુત કેસમાં અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવા દર્શાવેલ નકલો ફી ભરીને મેળવેલ છે કે કેમ? તે વિશે કોઈ વિગતો રજૂ કરેલ નથી. વધુમાં બંને અરજીઓ અનુક્રમે લગભગ ૩ અને ૨ માસના વિલંબિત કરેલ અંગે કલમ કારણો રજૂ કરેલ નથી. કેસની વિગત જોતાં અરજદારને એક જ વિસ્તારમાં વિવિધ મિલ્કતો બાબતે બાંધકામ સબંધી અલગ ધોરણ અપનાવવાનો મુદ્દો રજૂ કરેલ જણાય છે.

આરટીઆઈ એકટની કલમ–૪(૧) સી અને ડી ની જોગવાઈ હેઠળ જાહેર જનતાને અસરકર્તા નિર્ણયો અંગે સબંધિત તમામ હકીકત જાહેર કરવાની અને વહીવટી અને અર્ધ ન્યાયીક નિર્ણયો અંગે અસરકર્તાને કારણો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૪–૦૯ ની તથા તા.૧૮–૫–૦૯ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અરજદારનો પ્લાન પાસ કેમ થયેલ નથી તે અંગે અરજદાર જાહેર માહિતી અધિકારીએ સૂચવેલ વિગતે નિયત ફી ભરી દસ્તાવેજોની નકલ મેળવવા સ્વતંત્ર છે. જયારે અન્ય બાંધકામોમાં સરખુ ધોરણ કેમ નથી તે માહિતી બાબતે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં તેવી મિલ્કતોની યાદી સહ આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૧), ૭(૩) સાથે નિયત–૫ હેઠળની ફી ભરપાઈ કરી દફતરી તપાસણી કરી માંગે તે માહિતી મેળવી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવેલ છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, (રાંદેરઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મેઘરાજ ટી. લાલવાણી,